# એજન્ડા

# કારોબારી સમિતિની માસિક સભા

| | |
|---|---|
| તારીખ અને વાર | : શુક્રવાર, ૨૯ મે ૨૦૨૦ |
| સમય | : સાંજે ૪-૦૦ કલાકે |
| સ્થળ | : શેઠ શ્રી અમૃતલાલ હરગોવનદાસ મેમોરીયલ હોલ, આશ્રમરોડ અમદાવાદ |


## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ - ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ,

પો.બો.નં. ૪૦૪૫, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

ફેક્સ : ૦૭૯-૨૬૫૮૭૯૯૨

ફોન : ૨૬૫૮૨૩૦૧/૨/૩/૪

ઈ-મેઈલ : gcci@gujaratchamber.org

વેબસાઈટ : www.gujaratchamber.org

૨૨ મે, ૨૦૨૦

પ્રતિ,

કારોબારી સમિતિના સભ્યશ્રીઓને,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિની આગામી માસિક સભા શુક્રવાર તા. ૨૯-૫-૨૦૨૦ના રોજ સવારે ૪-૦૦ કલાકે ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ વી. બુચના અધ્યક્ષસ્થાને શેઠ શ્રી અમૃતલાલ હરગોવનદાસ મેમોરીયલ હોલ, ગુજરાત ચેમ્બર, આશ્રમરોડ, અમદાવાદ-૯ ખાતે નીચેના કામકાજ માટે મળશે.

**: એજન્ડા :**

| | આઇટેમ | વિગત | પાના નં. |
|---|---|---|---|
| I | | મીનીટ્સ અને એક્શન ટેકન રીપોર્ટ | |
| | ૧. | તા. ૨૭-૪-૨૦૨૦ના રોજ યોજવામાં આવેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહી મંજુર કરવા. | ૧ થી ૧૨ |
| II | | માહિતી અને જાણ માટે | |
| | ૨. | પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના અહેવાલો. | |
| | | ૨.૧ અગત્યના પ્રસંગો- (૧૫ એપ્રિલ થી ૨૧ મે, ૨૦૨૦ દરમ્યાન) | ૧૩ થી ૧૪ |
| | | ૨.૨ ૧૫ એપ્રિલ થી ૨૧ મે, ૨૦૨૦ દરમ્યાન ચેમ્બર તરફથી થયેલ રજૂઆતો. | ૧૫ થી ૧૭ |
| | | ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ | --- |
| | | ૨.૪ અન્ય માહિતી. | ૧૭ થી ૧૮ |
| | ૩. | કમિટી અને સલાહકારી સમિતિના અહેવાલો. | |
| | | ૩.૧ કમિટીઓની મીટીંગના અહેવાલો. | ૧૮ |
| | | ૩.૨ સલાહકારી સમિતિની મિટિંગની માહિતી. | -- |
| III | | ચર્ચા અને મંજુરી માટે | |
| | ૪. | સ્ક્રુટિનીની સમિતિના અહેવાલની મંજુરી માટે. | |
| | ૫. | વર્ષ ૨૦૨૦-૨૧ માટે પ્રમુખ, સિનિ. ઉપ-પ્રમુખ, ઉપ-પ્રમુખ અને કારોબારી સભ્યોની ચૂંટણીનો કાર્યક્રમ નક્કી કરવા બાબત. | |
| | ૬. | પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે અંગે વિચારણા કરવા. | |
| | ૭. | રાષ્ટ્રગીત | |

આપને આ કારોબારી સમિતિની મિટિંગમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

આ સમિતિની મિટિંગનો વિગતવાર એજન્ડા આ સાથે સામેલ છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

તન્મય મહેતા

*સેક્રેટરી જનરલ*

## કારોબારી સમિતિની માસિક સભાની મીનીટ્સ

મિટિંગ નં. : ૧૧/૨૦૧૯-૨૦
તારીખ : ૨૭-૪-૨૦૨૦
સ્થળ : કોન્ફરન્સ રૂમ
પ્રમુખ : શ્રી દુર્ગેશ બુચ

**એનેક્ષર - એ મુજબ આ મિટિંગમાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.**

- પ્રમુખશ્રીએ video conferencing થી યોજવામાં આવેલ આ મિટિંગમાં ઉપસ્થિત સૌ સભ્યોને આવકાર્યા હતા.
- મિટિંગ શરૂ કરતા પહેલા પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે video conferencing થી મિટિંગ માટે SOP દરેકને મોકલવામાં આવી છે તે મુજબ દરેક સભ્યોએ વર્તવાનું રહેશે.

**એજન્ડા :**

**આઇટેમ નં. ૧**

- પ્રમુખશ્રીએ તા. ૧૪-૪-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) જે અગાઉથી સૌને મોકલી આપેલ છે તેને મંજુર કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ તા. ૧૪-૪-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવ્યું હતું.

**ઠરાવ નં.૧**

આથી તા. ૧૪-૪-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

**આઇટેમ નં. ૨**

૨.૧ થી ૨.૪ ૧૫ માર્ચ થી ૧૫ એપ્રિલ, ૨૦૨૦ દરમ્યાન ચેમ્બર દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમો અને તેના અહેવાલો (એક્ઝીક્યુટીવ સમરી) અને ગુજરાત ચેમ્બર તરફથી કરવામાં આવેલ રજૂઆતો તથા ચેમ્બર તરફથી ઇસ્યુ કરવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન તથા વીઝા રેકમન્ડેશન લેટર્સ અને અખબારી નિવેદનોની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી તેની સમિતિને જાણ કરવામાં આવી હતી.

- સમિતિના સભ્યોએ તેની નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૩**

૩.૧ ગુજરાત ચેમ્બરની વર્કીંગ કમિટીઓની તા. ૧૫ માર્ચ થી ૧૫ એપ્રિલ, ૨૦૨૦ દરમ્યાન ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ મીટીંગોની ચર્ચા કરવામાં આવી હતી.

૩.૨ પ્રમુખશ્રીએ તા. ૧૫ માર્ચ થી ૧૫ એપ્રિલ, ૨૦૨૦ માસ દરમ્યાન મળેલ સલાહકારી સમિતિની મીટીંગોની અને આ મીટીંગમાં ઉપસ્થિત રહેલ ચેમ્બરના પ્રતિનિધિઓ દ્વારા આમાં થયેલ કાર્યવાહીની વિગતોની જાણ કરી હતી.

- સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

**<u>આઇટેમ નં. ૪</u>**

- શ્રી સંજીવ છાજરે જણાવ્યું હતું કે લોકડાઉનને હિસાબે નવા સભ્યપદ અંગેના ફોર્મ કે કેટેગરી, પ્રતિનિધિના ફેરફારની વિગતો સાથેના ફોર્મ આવેલ નથી જેની નોંધ લઇએ.

**<u>આઇટેમ નં. ૬</u>**

- કોરોના વાયરસને કારણે વેપાર-ઉદ્યોગના ઉપસ્થિત થયેલા પ્રશ્નોની ચર્ચા કરતા પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે શ્રી અશોકભાઇની બે રજૂઆત હતી જેમાં સૌ પ્રથમ કારીગરો અને કર્મચારીઓને પગાર ચૂકવવાનો પ્રશ્ન હતો.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બર દ્વારા આ અંગે વિગતવાર રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત દરેક એસોસીયેશને અને અમુક એકમો સીધા સુપ્રિમ કોર્ટમાં ગયા છે જેનો ચુકાદો પેન્ડીંગ છે. આમ છતાં આ બાબત ચેમ્બરની લીગલ કમિટિના ચેરમેન શ્રી ગોપીનાથભાઇ અમીનને લીગલ અભિપ્રાય માટે મોકલી આપવામાં આવશે અને ત્યારબાદ યોગ્ય કરવામાં આવશે.
- વધુમાં પ્રમુખશ્રીએ આ કાર્યવાહી ત્વરિત થાય તે માટે આ અંગે યોગ્ય કાર્યવાહી કરવાની સત્તા ચેમ્બરના હોદ્દેદારોને આપવા જણાવ્યું હતું.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સર્વાનુમતે આની સત્તા આપી હતી.
- શ્રી અશોકભાઇએ જણાવ્યું હતું કે હાલ પુરતું દરેક કર્મચારીને મીનીમમ વેજીસ પ્રમાણે ચુકવણી કરી બાકીની રકમને ત્યારબાદ સેટલ કરવી. આ પ્રકારની રજૂઆત કરવી જોઇએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પગાર ચુકવવા બાબતે સરકાર દ્વારા કોઇ પણ પ્રકારની કલેરીટી આપવામાં આવી નથી.
- શ્રી નટુભાઇએ જણાવ્યું હતું કે જાણીતા એડવોકેટ શ્રી કે. એચ. પટેલના મંતવ્ય અનુસાર ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એક્ટ (I D Act) અનુસાર પગાર ચુકવવા માટે સરકાર ફરજ પાડી રહી છે, આમ છતાં ફરીથી લેખિતમાં કાનુની અભિપ્રાય લઇ અને સર્વ સભ્યોને મોકલી આપવામાં આવશે.
- શ્રી ભાવેશ લાખાણીએ જણાવ્યું હતું કે ચેમ્બર દ્વારા લેવામાં આવેલ કાનુની અભિપ્રાય અને સરકારનું નોટીફીકેશન બંને અલગ બાબત છે.
- શ્રી નટુભાઇએ જણાવ્યું હતું કે કેન્દ્રના લેબર ડીપાર્ટમેન્ટમાં ચેમ્બર દ્વારા ભારપૂર્વકની રજૂઆત કરવામાં આવી છે. આમ છતાં કાનુની અભિપ્રાય લઇ કેન્દ્ર સરકારમાં વાત કરવામાં આવશે.
- શ્રી અશોકભાઇએ જણાવ્યું હતું કે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ મુજબ લાગુ પડશે તેમ જણાવવામાં આવ્યું છે પરંતુ બાકી કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી.
- શ્રી જીતેન્દ્ર લાલે આ પ્રકારની રજૂઆત જામનગર ચેમ્બરમાંથી કરવામાં આવી છે તેમ જણાવ્યું હતું.

- શ્રી સચિન પટેલે કર્મચારીના પગાર માટેની રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી અંકિત પટેલે રૂા.૨૦૨/- લેખે ચુકવણી ન કરવી જોઇએ તેમ જણાવી મીનીમમ રૂા.૧૦,૦૦૦/- થી ૧૫,૦૦૦/- પગાર આપવો જોઇએ જેથી કરીને બીજા પ્રશ્નો ઉભા ન થાય તેવું સૂચન કર્યું હતું.
- શ્રી જીતેન્દ્ર લાલે કર્મચારીના પગારની રજૂઆતમાં હોટલ ઇન્ડસ્ટ્રીઝનો સમાવેશ પણ કરવા સૂચન કર્યું હતું.
- શ્રી બકુલ પંડયાએ પગારની વ્યાજબી ચુકવણી કરવી જોઇએ તેમ જણાવ્યું હતું.
- પ્રમુખશ્રીએ શ્રી અશોકભાઇના બીજા પ્રશ્નની રજૂઆત કરતા જણાવ્યું હતું કે રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા ગાઇડલાઇન બહાર પાડવામાં આવે છે પરંતુ બેન્કો દ્વારા અમલ કરવામાં આવતો નથી.
- આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ અંગેની રજૂઆત કેન્દ્રના માનનીય નાણામંત્રીશ્રી અને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયામાં કરવામાં આવી છે. આ રજૂઆત દ્વારા ચેમ્બરમાં જણાવવામાં આવ્યું છે કે રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા જે એડવાઇઝરી આપવામાં આવે છે તેને બદલે મેન્ડેન્ટ આપવું જોઇએ કે જેથી કરીને તેનો અમલ થઇ શકે.
- શ્રી સચિનભાઇએ વર્તમાન સમયમાં દરેક જી.આઇ.ડી.સી.ના કર્મચારીના પગારના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. આ ઉપરાંત તેમણે સરકાર દ્વારા ડી.એ. એલાવન્સ ન આપવા માટે જાહેરાત કરવામાં આવે છે જ્યારે ઉદ્યોગોને ડી.એ. આપવા માટે જણાવવામાં આવે છે તો આ અંગે રજૂઆત કરવી જોઇએ તેમ જણાવ્યું હતું.
- શ્રી સચિનભાઇએ એક્સપોર્ટ યુનિટોને ચાલુ કરવા માટે પરવાનગી આપી તેવી રીતે મોટા ઉદ્યોગોને ચાલુ કરવા માટે પરવાનગી આપે તેવી રજૂઆત કરવી જોઇએ તેમ જણાવ્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ ક્રમશઃ પરવાનગી આપવા રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.
- શ્રી ભુપેન્દ્રભાઇએ ડાયસ ઇન્ટરમીડીયેટ્સ પર ઇમ્પોર્ટ ડયુટી ૧૫% નાંખવાની વાત છે તો તે સામે વિરોધ વ્યક્ત કરતી રજૂઆત કરવી જોઇએ. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ પ્રકારની રજૂઆત કેમેક્સીલ માંથી કરવામાં આવી છે.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બર દ્વારા આ પ્રકારની રજૂઆત કરેલ છે.
- શ્રી આશીષ ઝવેરીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાની દુકાનો ખોલવાની મંજુરી આપવામાં આવી હતી, આ બાબતની વિસ્તૃત જાણ કરી હતી.
- શ્રી કૌશિકભાઇ પટેલે ટી.ડી.એસ. ભરવાની છેલ્લી તારીખ ૨૦ એપ્રિલ હતી, ત્યારબાદ ૯% વ્યાજ લેવામાં આવશે તેવું જણાવેલ તો વર્તમાન સમયમાં જ્યાં સુધી લોકડાઉન હોય ત્યાં સુધીની આ તારીખ લંબાવવા અને કોઇ પણ પ્રકારનું વ્યાજ ન લેવા રજૂઆત કરવી જોઇએ તેમ જણાવ્યું હતું.
- શ્રી જૈનિક વકીલે ચેમ્બરની ડાયરેક્ટ ટેક્ષ કમિટિ હેઠળ જે રજૂઆત કરવામાં આવનાર છે તેમાં આનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે ટેક્ષ રીટર્ન, ટેક્ષ રીપોર્ટ, એડવાન્સ ટેક્ષ વિગેરેની તારીખ લંબાવવા અંગે રજૂઆત કરવામાં આવશે અને MSME એકમો

દ્વારા ચૂકવવામાં આવતી સેલેરીને ટેક્ષમાંથી બાદ આપવા પણ રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

- શ્રી બકુલ પંડયા એ જણાવ્યું હતું કે સરચાર્જ અને ટેક્ષ વધારવાની પણ વાત છે તે જણાવી ચેમ્બર દ્વારા રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી કૌશિકભાઇ પટેલે મોબાઇલને જરૂરિયાતની સેવામાં ગણવા રજૂઆત કરવી જોઇએ, ઉપરાંત કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં લેવામાં આવતા પ્રોપર્ટી ટેક્ષ અને ભાડુઆત પાસેથી ડબલ ટેક્ષ લેવામાં આવે છે તે અંગે રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ૨૦૨૧ના વર્ષમાં કોઇ પણ પ્રકારના ટેક્ષ લેવા ન જોઇએ આ પ્રકારની રજૂઆત કરવામાં આવશે.
- શ્રી અજય પટેલે સોલીડ વેસ્ટની સાઇટો બંધ છે તે માટે રજૂઆત કરવા સૂચન કર્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સોલીડ વેસ્ટની સાઇટોને આવશ્યક ગણી તેને ખોલવાની પરમીશન આપવા અને તેના ઓનરને ફરજીયાત સાઇટ ખુલ્લી રાખે તે માટે રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી હિમાંશુ વ્યાસે કારીગરોના પગારના પ્રશ્નો ઉપરાંત લોકડાઉન પછી ઉદ્યોગોની સ્થિતિ વિષે એક ગાઇડલાઇન તૈયાર કરી રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારને આપવી જોઇએ તેવું સૂચન કર્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે લોકડાઉન પછી ઉદ્યોગોને અને ઇકોનોમીને ફરીથી ઝડપથી રીકવર કરવા એક માળખું, પોલીસી નિર્ણયો અને વિગતવાર ડેટા સાથે રીપોર્ટ તૈયાર કરવો જોઇએ જેમાં અર્થશાસ્ત્રીઓ, યુવા સી.ઇ.ઓ., અનુભવી ઉદ્યોગકારો વિગેરેની એક કમિટિ બનાવી આ પ્રકારનું કાર્ય કરવા માટે પ્રોફેશનલ એજન્સીને સોંપવું જોઇએ. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ પ્રકારનો રીપોર્ટ આગામી સમયમાં સરકારને નીતિ વિષયક નિર્ણયો લેવામાં અને ઉદ્યોગકારોને ખુબજ ઉપયોગી થશે.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ આ બાબતે સત્વરે ૭ થી ૧૦ સભ્યોની એક કમિટિ બનાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.
- શ્રી હેમંત શાહે માઇગ્રન્ટ લેબરનો બહુજ મોટો પ્રશ્ન ઉભો થશે તે ધ્યાને લઇને આ અંગેનું પ્લાનીંગ તૈયાર કરવાની રજૂઆત કરવાનું સૂચન કર્યું હતું.
- શ્રી દેવાંગ ડોક્ટરે ભરવાની થતી જીએસટીની રકમ પૈકી એડહોક પેમેન્ટ કરવું હોય તો તે સીસ્ટમ દ્વારા થતું નથી તેમ રજૂઆત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે અત્યારે લોકડાઉનના સમયમાં વેપારીઓ પાસે ફુલ પેમેન્ટની સગવડ હોતી નથી અને વ્યાજ ચડે છે. આ સંજોગોમાં એડહોક પેમેન્ટ થઇ શકતું હોય તો તેવી સગવડ આપવા રજૂઆત કરવી જોઇએ.
- આના પ્રત્યુત્તરમાં શ્રી નયન શેઠે જણાવ્યું હતું કે સરકાર દ્વારા જીએસટી રીટર્ન ફાઇલ કરવાની તારીખ 30 જુન સુધી આ મુદ્દત લંબાવી આપેલ છે તે સંજોગોમાં અત્યારે કોઇ પણ પ્રકારનું પેમેન્ટ કે વ્યાજનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
- શ્રી પ્રદિપ જૈને જીએસટી રીટર્ન ફાઇલ કરવાની તારીખ લંબાવવા રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં શ્રી નયન શેઠે તા. 30 જુન સુધી આ જ પરિસ્થિતિ રહેશે તો રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

- શ્રી સૌરિન પરીખે સરકાર દ્વારા કોઇ પણ ઉદ્યોગોને આપવામાં આવતી સબસીડીની ચુકવણી અત્યારે જ કરી દેવા રજૂઆત કરવી જોઇએ તેમ જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સરકાર દ્વારા ત્રિમાસીક સબસીડી ચુકવવામાં આવતી હોય છે અને તે માટે રીઝર્વ્ડ ફંડ રાખવામાં આવતું હોય છે તો આ સબસીડી એડવાન્સમાં પેમેન્ટ કરે તો ઉદ્યોગોને વર્તમાન સમયમાં ઉપયોગી થઇ શકે. આ પ્રકારની રજૂઆત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારમાં કરવી જોઇએ.
- આ ઉપરાંત શ્રી સૌરીનભાઇ અને શ્રી અંકિતભાઇએ વેપારીઓના બાકી રીફંડ તાત્કાલિક ચુકવવા રજૂઆત કરવી જોઇએ તેમ જણાવ્યું હતું.
- શ્રી સૌરીન પરીખે "લોકડાઉન પછી શું?" આ બાબતે શ્રી હિમાંશુ વ્યાસે કરેલ રજૂઆતને સમર્થન આપતાં જણાવ્યું હતું કે આ પ્રકારનો રીપોર્ટ તૈયાર કરતાં પહેલા દરેક એસોસીયેશન પાસેથી તેમના લોકડાઉન પછીના પ્રશ્નો અને સજેશનો પણ મંગાવવા જોઇએ અને તેનો સમાવેશ આ રીપોર્ટમાં કરવો જોઇએ.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ આ પ્રકારનો સરક્યુલર દરેક એસોસીયેશનને મોકલી આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.
- શ્રી જૈમિન વસાએ આ પ્રકારનો રીપોર્ટ અને ગાઇડલાઇન સેક્ટરવાઇઝ તૈયાર કરવા સૂચન કર્યું હતું અને આની કાર્યવાહી પ્રોફેશનલ એજન્સીને આપવી જોઇએ તેમ જણાવ્યું હતું.
- શ્રી ભાવેશ લાખાણીએ રાજ્ય બહારના લેબરના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી.
- શ્રી અંકિતભાઇ અને શ્રી સચિનભાઇએ વર્તમાન સમયમાં વિવિધ રાજ્યો દ્વારા ઉદ્યોગોમાં કાર્યરત મજુરોને બસોની વ્યવસ્થા કરી તેમના વતન પરત મોકલવામાં આવે છે તેવું ન કરવા, તેમને પગાર ચૂકવવા અને તેમની યોગ્ય વ્યવસ્થા કરવા સરકારમાં રજૂઆત કરવા સૂચન કર્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે લોકડાઉનના સમયમાં કે સમય પછી ઉદ્યોગો શરૂ કરવામાં આવશે પરંતુ પુરતા પ્રમાણમાં કારીગરો મળશે નહીં તો બીજા પ્રશ્નો ઉભા થઇ શકે છે.
- શ્રી નિલેશ શુક્લએ કર્મચારીના પગારના પ્રશ્નો અંગે, લોકડાઉન પછી વેપાર-ઉદ્યોગના ભવિષ્યના પ્લાન અંગે રજૂઆત કરી હતી. વધુમાં તેમણે COVID-19 ની અસરગ્રસ્ત વિસ્તારો માટે સરકાર દ્વારા રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોન કરવામાં આવ્યા છે તેવી જ રીતે દરેક ઔદ્યોગિક વિસ્તાર કે જી.આઇ.ડી.સી.ને છ ઝોનમાં ડીવીઝન કરી, બે શીફ્ટ રાખી અને કામના કલાકો વધારી ઉદ્યોગો શરૂ કરવાની છુટ આપવા રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- આ અંગે તેમણે માનનીય મંત્રી શ્રી નીતિન ગડકરી અને માનનીય શ્રી એ. કે. શર્માને રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી આશીષ ગુરુએ સરકાર દ્વારા નોટીફીકેશન બહાર પાડવામાં આવેલ હોવા છતાં ટોરેન્ટ પાવર લી. દ્વારા વીજળીના ફીક્સ ચાર્જ લેવામાં આવ્યા છે તે રજૂઆત કરવા સૂચન કર્યું હતું. વધુમાં તેમણે ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવેલ કિસાન રેલી યોજના અને એગ્રો ઇન્ડસ્ટ્રીને ઇલેક્ટ્રીસીટી ડયુટીમાં રાહત અંગે જે રજૂઆત કરવામાં આવી હતી તે ધ્યાને લઇને કેન્દ્ર સરકાર દ્વારા કિસાન રેલી યોજના શરૂ કરવામાં આવી છે અને ઇલેક્ટ્રીસીટી ડયુટીમાં ૫૦% રાહત આપી છે તેમ જણાવી ચેમ્બરના હોદ્દેદારોને અભિનંદન આપ્યા હતા.

- શ્રી ધિરેન્દ્ર દોશીએ એનર્જી કમિટિ દ્વારા કરવામાં આવેલી રજૂઆતની વિગતો આપતાં જણાવ્યું હતું કે લોકડાઉનના સમયમાં કોઇ પણ ઉદ્યોગો પાસેથી ફીક્સ ચાર્જ ન લેવાની રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત જેમના ઉદ્યોગો શરુ કરવામાં આવ્યા છે પરંતુ તેઓ ૫૦% કેપેસીટીથી કાર્યરત છે તેમને દિવસ દિઠ ડીમાન્ડ ઉપર ચાર્જ લેવા પણ રજૂઆત કરવામાં આવી હતી. વધુમાં તેમણે સોલર અને વીન્ડ એનર્જી જનરેશન બેન્કીંગ ૩ માસ માટે આપવા રજૂઆત કરવામાં આવી છે તેમ જણાવ્યું હતું.
- શ્રી ધિરેન્દ્ર દોશીએ તા. ૨૨ માર્ચ, ૨૦૨૦ પહેલાં જે યુનિટો ચાલુ હતા તે યુનિટને એવરેજ રીડીંગથી બીલ આપવામાં આવ્યા છે તેને બદલે પર ડે ડીમાન્ડ પર બીલ આપવા રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત લોકડાઉનના સમયમાં કોઇ કારણોસર લાઇટ બીલનું પેમેન્ટ ન થઇ શકે તો લાઇટ કનેક્શન ન કાપવા અને ડીલે પેમેન્ટ ન લેવા પણ રજૂઆત કરવામાં આવી છે. આમ છતાં કોઇ પણ સભ્યોને આ સિવાય કોઇ પ્રશ્ન હોય તો તે સત્વરે મોકલી આપવા જણાવ્યું હતું.
- શ્રી નટુભાઇએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યના માનનીય ઉર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલને ચેમ્બરના હોદ્દેદારો, એનર્જી કમિટિના ચેરમેન અને GCCIના નવ રીજનલ ચેમ્બરના પ્રમુખો સાથે લોકડાઉન સમયમાં ઉપસ્થિત થયેલ વીજળીના પ્રશ્નો અંગે video conferencing મિટિંગ માટે અનુકૂળ સમય ફાળવી આપવા વિનંતી કરવામાં આવી છે
- શ્રી બિપેન્દ્ર સિંહે કર્મચારીના પગારના પ્રશ્નો અને નાના ઉદ્યોગના લેબરના પ્રશ્નો અંગે તેમના એસોસીયેશન દ્વારા કરવામાં આવેલ રજૂઆત ની માહિતી આપી હતી. વધુમાં તેમણે મોબાઇલ શોપ અને એક્સપોર્ટ કરતા યુનિટોને ચાલુ રાખવા માટે કલેક્ટર પાસેથી મંજુરી લઇ શરુ કરવામાં આવ્યા હતા.
- શ્રી પ્રફુલ્લભાઇ તલસાણીયાએ ગુજરાત ચેમ્બરના સભ્યોની રીન્યુઅલની તારીખ ૩૧ મે, ૨૦૨૦ સુધી લંબાવવાની મંજુરી એમ્પાવર્ડ એપેક્ષ કમિટિ પાસેથી લેવા સૂચન કર્યું હતું. આ ઉપરાંત તેમણે MSME એકમોને ૨૫% જીએસટી રીફંડ આપે તેવી રજૂઆત કરવા જણાવ્યું હતું.
- શ્રી નિલેશ દેસાઇએ રૂા. ૫ કરોડથી વધુ રકમના યુનિટો તેમણે લીધેલ દરેક પ્રકારના ઇન્સ્યોરન્સની તારીખ લોકડાઉન ના સમય સુધી લંબાવવા ઇન્સ્યોરન્સ કંપનીમાં ઇ-મેઇલ કરવા સૂચન કર્યું હતું. આ ઉપરાંત ઇન્ડસ્ટ્રીઝમાં લેવામાં આવતા ઇન્સ્યોરન્સ જો એક મહિના સુધી કોઇ પણ કારણોસર બંધ રહે તો તે પછીના દિવસ બાદ કોઇ પણ ક્લેઇમ મંજુર કરવામાં આવતા નથી તે બાબતે વર્તમાન સમયમાં આ સમય મર્યાદા લોકડાઉન સુધી લંબાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.
- શ્રી દિનેશ ગુપ્તાએ સી.એફ.એસ. દ્વારા કોઇ પણ પ્રકારની જી.આર. કે ગાઇડલાઇનને માન્ય રાખવામાં આવતું નથી અને કસ્ટમના જે પ્રશ્નો ઉભા થાય છે તે અંગે રજૂઆત કરી હતી અને આ અંગે અજય જૈન, કસ્ટમ કમિશ્નરને તથા કસ્ટમ બોર્ડના ચેરમેનને રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં શ્રી નટુભાઇએ વિગતવાર માહિતી મોકલી આપવા જણાવ્યું હતું.
- શ્રી અંકિત પટેલે આ અંગેની રજૂઆત કેમેકસીલમાં કરવા પણ સૂચન કર્યું હતું.

- શ્રી મદનલાલ જયસવાલે જો શક્ય હોય તો વેપારીઓ પાસેથી લેવામાં આવતા તમામ પ્રકારના ટેક્ષ રીબેટ સ્વરૂપે પરત આપે તેવી રજૂઆત કરવા અને અમદાવાદમાં COVID-19 ના ટેસ્ટ વધારે કરવા રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી અનિલ સંઘવીએ અમદાવાદમાં COVID-19 ના ટેસ્ટ વધારવા રજૂઆત કરવા સૂચન કર્યું હતું અને ગુજરાત ચેમ્બરના સભ્યોની રીન્યુઅલની તારીખ લંબાવવા સૂચન કર્યું હતું. આ ઉપરાંત તેમણે વર્તમાન સમયમાં ફેલાયેલ COVID-19 અંતર્ગત ડીજીટલ થર્મોમીટર ખરીદવા માટે વેપારીઓને પડતી મુશ્કેલીઓ અને ડુપ્લીકેટ માલ અંગે રજૂઆત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે તેમની કંપની ઇન્ડિયન ઓથોરીટી દ્વારા તમામ પ્રકારના લાયસન્સ લઇ અને મંજુરી આપવામાં આવેલ ડીજીટલ થર્મોમીટર મોટી સંખ્યામાં ખરીદવામાં આવ્યા છે. આ ડીજીટલ થર્મોમીટર ચેમ્બરના સભ્યોને ખાસ ડીસ્કાઉન્ટથી જો ખરીદવા હોય તો આપવામાં આવશે તેમ જણાવ્યું હતું. આ ડીજીટલ થર્મોમીટર ગેરન્ટી અને વોરન્ટી સાથે આવશે.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે માર્કેટમાં આ ડીજીટલ થર્મોમીટર શું ભાવે મળે છે અને આપની કંપની દ્વારા શું ભાવે આપવામાં આવશે અને તેની ટેકનીકલ વિગતો સાથે એક કમ્પેરીઝન મોકલી આપવા જણાવ્યું હતું જે દરેક સભ્યોને મેઇલ કરવામાં આવશે. વધુમાં પ્રમુખશ્રીએ દરેક સભ્યોને વર્તમાન સમયમાં વેપારીઓને ઉપયોગી થઇ શકે તેવી કોઇ પણ ચીજ-વસ્તુ હોય તો તેની વિગતો ચેમ્બરને મોકલી આપવા જણાવ્યું હતું.
- શ્રી પથિકભાઇએ આરોગ્ય વિભાગના માનનીય પ્રિન્સીપલ સેક્રેટરી શ્રીમતી જયંતિ રવિ સાથે COVID-19 ના ટેસ્ટ અંગે થયેલ વિગતવાર ચર્ચાની માહિતી સમિતિના સભ્યોને આપી હતી. આ ઉપરાંત તેમણે આ બાબતે એક મોટીવેશનલ ફીલ્મ બનાવવામાં આવશે તેની વિગતો પણ સમિતિના સભ્યોને આપી હતી.
- શ્રી કિરીટભાઇ શાહે એગ્રો પેદાશના વેચાણ અને હેરફેરના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. આ ઉપરાંત તેમણે લોકડાઉનના સમયમાં ઉપસ્થિત થયેલા પ્રશ્નોની યાદી, તેની કરેલ રજૂઆત અને તેમાં મળેલ પ્રતિભાવ સાથેનો વિગતવાર ચાર્ટ બનાવવા સૂચન કર્યું હતું. શ્રી કિરીટભાઇએ ચેમ્બરના હોદ્દેદારો, ચેમ્બરની વિવિધ કમિટિઓના ચેરમેન અને નવ રીજનલ ચેમ્બરના પ્રમુખશ્રીઓના પ્રતિનિધિમંડળ સાથે ગુજરાત સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ તથા મંત્રી શ્રીઓ સાથે વર્તમાન સમયના પ્રશ્નો અંગે મિટિંગ કરવા સૂચન કર્યું હતું. આવી મિટિંગ એક અઠવાડીયામાં બે વાર કરવા જણાવ્યું હતું જેનાથી પ્રશ્નોનું નિરાકરણ ઝડપી બનશે તેમ જણાવ્યું હતું.
- આ ઉપરાંત શ્રી કિરીટભાઇએ આ કારોબારી સમિતિની મીનીટ્સ સત્વરે બનાવી દરેક સભ્યોને સરક્યુલેટ કરવા સૂચન કર્યું હતું.
- શ્રી કિરીટભાઇ શાહે સ્લો ડાઉન અને લોકડાઉન બંને સમયમાં વેપાર-ઉદ્યોગો જે પરિસ્થિતિમાંથી નિકળી રહ્યા છે તે ધ્યાનમાં લઇને આવતા એક વર્ષ સુધી સરકારના કોઇ પણ વિભાગ દ્વારા કોઇ પણ પ્રકારની હેરાનગતિ કરવામાં ન આવે તેવી આગોતરા રજૂઆત કરવી જોઇએ તેમ સૂચન કર્યું હતું.

- શ્રી કિરીટભાઇ પટેલ (પાંચકુવા) એ ટી.ડી.એસ. અને કામદરોના પગારના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી.
- શ્રી યોગેશ શ્રીધરે આર.ટી.ઓ. વિભાગ દ્વારા લેવામાં આવતી પેનલ્ટી અને વ્યાજ ન લેવા રજૂઆત કરવા સૂચન કર્યું હતું. આ ઉપરાંત તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોમર્શિયલ બિલ્ડીંગમાં ભાડુઆત ઉપર ડબલ ટેક્ષ લેવામાં આવે છે તે ન લેવા રજૂઆત કરવા સૂચન કર્યું હતું. વધુમાં તેમણે છેલ્લા ત્રણ વર્ષના આઇ.ટી. રીટર્ન મુજબ ભરવામાં આવેલ ઇન્કમટેક્ષ મજરે મળે તેવી રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી હિમાંશુ વ્યાસે અમદાવાદમાં COVID-19 અનુસંધાને ટેસ્ટ વધારવા અને મોબાઇલ ટેસ્ટીંગ જેવી પદ્ધતિ અપનાવવા સૂચન કર્યું હતું.
- શ્રી યોગેશ પરીખે એક્સપોર્ટ યુનિટ શરુ કરવાની પરવાનગી આપવામાં આવી છે પરંતુ ૨૫% સ્ટાફને જ કામ કરવા માટે મંજુરી આપવામાં આવે છે જે વધારવા રજૂઆત કરવા સૂચન કર્યું હતું. વધુમાં તેમણે વેપારીઓને વેટ રીફંડ તાત્કાલિક આપી દેવા રજૂઆત કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે GPCB દ્વારા લેવામાં આવેલ બેન્ક ગેરન્ટી પણ વેપારીને પરત કરવા રજૂઆત કરવા સૂચન કર્યું હતું. શ્રી પરીખે MSME એકમો માટે ખાસ પેકેજ તૈયાર કરી આપવું જોઇએ તેવી સરકારમાં રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી પથિક પટવારીએ અન્ય રાજ્યોના સંદર્ભમાં ગુજરાત રાજ્યમાં સ્ટેમ્પ ડયુટી સૌથી વધુ લેવામાં આવે છે તે અંગે રજૂઆત કરવા અને એક વર્ષ સુધી આમાં રાહત આપવા રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.
- શ્રી ધવલ આચાર્યએ કેન્દ્ર સરકાર દ્વારા માનનીય શ્રી એ. કે. શર્માની MSME ના સેક્રેટરી તરીકે નિમણૂક કરવામાં આવી છે અને ગુજરાતનો તેમને બહોળો અનુભવ છે તો MSME ના પ્રશ્નોનું નિરાકરણ માટે તેમનો સંપર્ક કરવો જોઇએ તેવું સૂચન કર્યું હતું.
- શ્રી નરેન્દ્ર સોમાણીએ ટુર્સ અને ટ્રાવેલ્સના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી અને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા કોઇ પણ એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવે છે તે ન કરવા રજૂઆત કરવા સૂચન કર્યું હતુ. આ ઉપરાંત તેમણે હોટલ ઉદ્યોગને એસેન્શીયલ સર્વિસમાં સમાવેશ કરવા રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ અંગેની રજૂઆત ગુજરાત ચેમ્બર દ્વારા કરવામાં આવી છે.
- શ્રી મીહિર પટેલે કામદારોના પગારની ચુકવણી અંગે લીગલ ઓપીનીયન લેવા અને ગુજરાત ચેમ્બરના સભ્યોની રીન્યુઅલની તારીખની મુદ્દત લંબાવવા સૂચન કર્યું હતું.

**<u>આઇટેમ નં. ૫</u>**

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આગામી વર્ષ-૨૦૨૦-૨૧ની ચૂંટણી અનુસંધાને બંધારણના નિયમ-૫૦ મુજબ ચૂંટણી અધિકારીની સત્તા એમ્પાવર્ડ એપેક્ષ કમિટિને હોવાથી વર્ષ ૨૦૨૦-૨૧ની ચૂંટણી માટે ચૂંટણી અધિકારીની નિમણૂક અંગેનો પત્ર એમ્પાવર્ડ એપેક્ષ કમિટિને મોકલી આપવામાં આવ્યો છે. વધુમાં તેમણે આગામી વર્ષ ૨૦૨૦-૨૧ની ચૂંટણી અનુસંધાને નિવૃત્ત થતા સભ્યોની જાણ કરવા શ્રી હસમુખ હિંગુને વિનંતી કરી હતી.

➢ શ્રી હસમુખ હિંગુએ જણાવ્યું હતું કે :-

➢ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના બંધારણના નિયમ ૪૦ પ્રમાણેની નોટીસથી પ્રમુખ, સીની. ઉપ-પ્રમુખ અને ઉપ-પ્રમુખ પોતાના પદેથી નિવૃત્ત થતા હોઇ તેમજ કારોબારી સમિતિના સભ્યશ્રીઓના હોદ્દાની મુદ્દત પુરી થતી હોઇ આગામી ૨૦૨૦-૨૦૨૧ વર્ષ માટે ચેમ્બરના બંધારણ પ્રમાણે ચૂંટણી યોજવામાં આવનાર છે.

➢ બંધારણના નિયમ ૪૦ મુજબ નીચે જણાવેલ જગ્યા માટે ૨૦૨૦-૨૦૨૧ ની ચૂંટણી યોજાશે.

| <u>કેટેગરી</u> | | <u>સભ્યોના નામ</u> |
|---|---|---|
| પ્રમુખ | - | શ્રી દુર્ગેશ બુચ |
| સિનિ. ઉપ-પ્રમુખ | - | શ્રી નટુભાઇ પટેલ |
| ઉપ-પ્રમુખ | - | શ્રી ભાર્ગવ ઠક્કર |
| કોર્પોરેટ કેટેગરી | - | ૧. શ્રી પ્રવિણ કોટક<br>૨. શ્રી કે. આઇ. પટેલ<br>૩. શ્રી શૈશવ શાહ (ખાલી જગ્યા ઉપર કો-ઓપ્ટ) |
| બીઝનેસ એસોસીએશન (સ્થાનિક) | - | ૧. શ્રી બકુલ પંડયા<br>૨. શ્રી ગૌરાંગ ભગત |
| બીઝનેસ એસોસીએશન(બહારગામ) | - | ૧. શ્રી સોમાભાઇ રાયકા<br>(ખાલી જગ્યા ઉપર કો-ઓપ્ટ) |
| પેટ્રન/આજીવન સભ્ય (સ્થાનિક) | - | ૧. શ્રી અંબરભાઇ પટેલ<br>૨. શ્રી હિતેન વસંત |
| પેટ્રન/ આજીવન સભ્ય(બહારગામ) | - | ૧. શ્રી સૌરીન પરીખ |
| રીજીયોનલ ચેમ્બર | | ૧. શ્રી સુરેશભાઇ ત્રિવેદી<br>૨. શ્રી વી. પી. વૈષ્ણવ |
| સામાન્ય વિભાગ (સ્થાનિક) | - | ૧. શ્રી મદનલાલ જયસ્વાલ<br>૨. શ્રી ભુપેન્દ્ર સી. પટેલ<br>૩. શ્રી દિપક એ. શાહ<br>૪. શ્રી પથિક એસ. પટવારી<br>૫. શ્રી નવરોઝ હોમી તારાપોર<br>૬. શ્રી ચેતન ડી. શાહ<br>૭. શ્રી કમલેશ સી. પટેલ<br>૮. શ્રી સંજીવ છાજર |
| સામાન્ય વિભાગ (બહારગામ) | - | ૧. શ્રી બીપીનભાઇ શાહ<br>૨. શ્રી કનુભાઇ અગ્રવાલ<br>૩. શ્રી લાખાભાઇ કેશવાલા<br>૪. શ્રી સુનિલ વડોદરીયા<br>(ખાલી જગ્યા ઉપર કો-ઓપ્ટ) |

- ઉપસ્થિત સભ્યોએ આની નોંધ લીધી હતી.
- શ્રી રોહિત પટેલે આગામી એક વર્ષ માટે આ જ હોદ્દેદારોને ચાલુ રાખવા સૂચન કર્યું હતું.
- શ્રી યોગેશ શ્રીધરે મહામારીના વર્તમાન સમયમાં ચૂંટણી યોજવી ન જોઇએ અને આજ હોદ્દેદારોને એક વર્ષ સુધી ચાલુ રાખવા જોઇએ તેમ જણાવ્યું હતું.
- શ્રી જીતેન્દ્ર લાલ, શ્રી પ્રફુલ્લ તલસાણીયા, શ્રી અનિલ સંઘવી, શ્રી કિરીટ શાહ, શ્રી આશીષ ગુરુ, શ્રી બકુલ પંડયા, શ્રી અશોક પટેલ, શ્રી ભાવેશ લાખાણી, શ્રી મદનલાલ જયસવાલ, શ્રી યોગેશ પરીખ અને મોટાભાગના ઉપસ્થિત સભ્યો દ્વારા વર્તમાન સમયને ધ્યાનમાં લઇ આ જ હોદ્દેદારોની ફરીથી એક વર્ષ મુદત લંબાવવી જોઇએ અને આ પ્રકારની તમામ સભ્યોની સહી (ઠરાવ) સાથેની એક લેખિત રજૂઆત એમ્પાવર્ડ એપેક્ષ કમિટિને કરવી જોઇએ તેવી લાગણી વ્યક્ત કરી હતી.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આપ સૌની લાગણીને ધ્યાનમાં રાખીને યોગ્ય સમયે નિષ્પક્ષ ત્રણ વ્યક્તિઓની કમિટિ બનાવી આપ સૌની લાગણી એમ્પાવર્ડ એપેક્ષ કમિટિ સુધી પહોંચાડવામાં આવશે. વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બરના બંધારણ મુજબ તા. ૩૧ જુલાઇ સુધીમાં ઇલેક્શનની કાર્યવાહી પુરી કરવાની હોય છે, આ ધ્યાને લેતાં આવા પ્રકારની રજૂઆત વહેલી ગણાશે.
- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બરના નિયમ-૫૨(એ) અનુસાર અસાધારણ સંજોગોમાં પ્રમુખ, સિનિ. ઉપ-પ્રમુખ, ઉપ-પ્રમુખ અને કારોબારી સમિતિના સભ્યોની ચૂંટણી ન થાય તો જ્યાં સુધી કારોબારી સમિતિની રચના થાય ત્યાં સુધી એમ્પાવર્ડ એપેક્ષ કમિટિ ચેમ્બરના કાર્યોની વ્યવસ્થા કરશે આવું જણાવવામાં આવ્યું છે.
- ઉપસ્થિત સભ્યોએ આની નોંધ લીધી હતી.
- શ્રી ભાવેશ લાખાણીએ ભારતના માનનીય વડાપ્રધાનશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા રેપોરેટ ઓછો કરે છે આમ છતાં બેન્કો દ્વારા વ્યાજના દર ઘટાડવામાં આવતા નથી જેથી નાના એકમોને ઘણું નુકશાન સહન કરવું પડે છે. આ બાબતે રજૂઆત કરવા સૂચન કર્યું હતું અને જરૂર પડે આ માટે પૂર્વ પ્રમુખ ડો. જૈમિન વસાને સાથે રાખવા જણાવ્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ પૂર્વ પ્રમુખ ડો. જૈમિન વસાને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા સાથે ચર્ચા-વિચારણા કરી આ પ્રશ્નનું નિરાકરણ લાવવા વિનંતી કરી હતી.
- શ્રી જીગીશ દોશીએ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ લોકડાઉન ઉપરાંત ૩૦ દિવસ આ તમામ સમયમાં "૦" ક્લોક ગણતરી કરવી જોઇએ. એટલે કે સરકાર દ્વારા આ સમયમાં કોઇ પણ પ્રકારની માહિતી માંગવામાં ન આવે કે વસૂલાત કરવામાં ન આવે તેવી રજૂઆત કરવા સૂચન કર્યું હતું.

➤ શ્રી નિલેશ શુક્લએ જે એકમો દ્વારા કારીગરોને પગાર ચુકવવામાં ન આવે તો તેવા સંજોગોમાં ગુજરાત ચેમ્બરનું સ્ટેન્ડ શું રહેશે તેવો પ્રશ્ન કર્યો હતો. આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ કારીગરોના પગારની ચુકવણી અંગે સુપ્રિમ કોર્ટનો ચુકાદો આવે તે ધ્યાને લઇ, કાનુની લેખિત અભિપ્રાય લઇ, અલગ-અલગ પાસાઓનો વિચાર કરી જે તે સમયે યોગ્ય નિર્ણય લેવામાં આવશે અને તેની જાણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

પ્રમુખશ્રીએ ઉપસ્થિત સૌ સભ્યોનો આભાર માની મિટિંગ પુરી થયેલી જાહેર કરી હતી.

**તન્મય મહેતા**
***સેક્રેટરી જનરલ***

**દુર્ગેશ બુચ**
***પ્રમુખ***

## એનેક્ષરઃ એ

(તા.૨૭-૪-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગમાં હાજર રહેલા સભ્યોની યાદી)

૧. શ્રી દુર્ગેશ બુચ
૨. શ્રી નટુભાઇ પટેલ
૩. શ્રી ભાર્ગવ ઠક્કર
૪. શ્રી સંજીવ છાજર
૫. શ્રી દિલીપ પાધ્યા
૬. શ્રી પથિક પટવારી
૭. ડો. જૈમિન વસા
૮. શ્રી રોહિત પટેલ
૯. શ્રી સચિન પટેલ
૧૦. શ્રી કિરીટ કે. શાહ
૧૧. શ્રી હેમંત શાહ
૧૨. શ્રી જીગીશ શાહ
૧૩. શ્રી કિરીટ પટેલ
૧૪. શ્રી અંબરભાઇ પટેલ
૧૫. શ્રી કૌશિક પટેલ
૧૬. શ્રી બકુલ પંડયા
૧૭. શ્રી પ્રદિપ જૈન
૧૮. શ્રી ત્રિલોક પરીખ
૧૯. શ્રી અશોક પટેલ
૨૦. શ્રી પ્રકાશ વરમોરા
૨૧. શ્રી દિગંત સોમપુરા
૨૨. શ્રી નિલેશ દેસાઇ
૨૩. શ્રી જતીન ત્રિવેદી
૨૪. શ્રી ભાવેશ લાખાણી
૨૫. શ્રી ભુપેન્દ્ર પટેલ
૨૬. શ્રી મદનલાલ જયસવાલ
૨૭. શ્રી દેવાંગ ડોક્ટર
૨૮. શ્રી જૈનિક વકીલ
૨૯. શ્રી હિમાંશુ વ્યાસ
૩૦. શ્રી આશીષ ઝવેરી
૩૧. શ્રી આશીષ ગુરુ
૩૨. શ્રી મીહિર પટેલ
૩૩. શ્રી સ્નેહલ લાવસી
૩૪. શ્રી યોગેશ પરીખ
૩૫. શ્રી સુરેશ ત્રિવેદી
૩૬. શ્રી અંકિત પટેલ
૩૭. શ્રી કનુભાઇ અગ્રવાલ
૩૮. શ્રી દિનેશ ગુપ્તા
૩૯. શ્રી હીરેન ગાંધી
૪૦. શ્રી કે. આઇ. પટેલ
૪૧. શ્રી બિપીન શાહ
૪૨. શ્રી બંદિશ સોપારકર
૪૩. શ્રી પ્રફુલ્લ તલસાણીયા
૪૪. શ્રી મોહનીશ ભલ્લા
૪૫. શ્રી ગણેશ નાદાર
૪૬. શ્રી અમીત પરીખ
૪૭. શ્રી યોગેશ શ્રીધર
૪૮. શ્રી જીતેન્દ્ર લાલ
૪૯. શ્રી આસીત શાહ
૫૦. શ્રી ચિરંજીવ પટેલ
૫૧. શ્રી અનિલ સંઘવી
૫૨. શ્રી દિપક શાહ
૫૩. શ્રી અજય પટેલ
૫૪. શ્રી ધિરેન્દ્ર દોશી
૫૫. શ્રી શીવરામભાઇ પટેલ
૫૬. શ્રી બિપેન્દ્રસિંહજી
૫૭. શ્રી નવરોઝ તારાપોર
૫૮. શ્રી સૌરીન પરીખ
૫૯. શ્રી નિલેશ શુક્લ
૬૦. શ્રી સૌમિલ પુરોહિત
૬૧. શ્રી ઉદિત દીવેટીયા
૬૨. શ્રી શૈશવ શાહ
૬૩. શ્રી નયન શેઠ
૬૪. શ્રી અનુજ પટેલ
૬૫. શ્રી ધવલ આચાર્ય
૬૬. શ્રી જીગીશ દોશી
૬૭. શ્રી અરવિંદ પટેલ
૬૮. શ્રી નરેન્દ્ર સોમાણી

**આઇટેમ નં. ૨**

**૨.૧ અગત્યના પ્રસંગો (૧૫ એપ્રિલ થી ૨૧ મે, ૨૦૨૦ દરમ્યાન) :**

| | | | |
|---|---|---|---|
| રવિવાર | તા. ૧૨-૪-૨૦૨૦ | બપોરે ૩-૦૦ કલાકે | GCCI ફુડ કમિટિના ઉપક્રમે "Miss Foram Marfatia" જાણીતા ટ્રેનરનું યોજવામાં આવેલ સંબોધન. |
| શનિવાર અને રવિવાર | તા. ૧૧-૪-૨૦૨૦ અને તા.૧૨-૪-૨૦૨૦ | બપોરે ૩-૦૦ કલાકે | GCCI ફુડ કમિટિના ઉપક્રમે "Lear Social Media Marketing Skills for our own Businesses" વિષયે યોજવામાં આવેલ વેબિનાર. |
| સોમવાર | તા. ૧૩-૪-૨૦૨૦ | સવારે ૧૧-૩૦ કલાકે | GCCI સ્ટાર્ટ અપ કમિટિના ઉપક્રમે "Touch times-Right decisions : Chanakya Neeti for Managing Business through Right Leadership" વિષે યોજવામાં આવેલ વેબિનાર. |
| બુધવાર | તા. ૨૨-૪-૨૦૨૦ | બપોરે ૧૨-૦૦ કલાકે | GCCI બિઝનેસ વિમેન વિંગ કમિટિના ઉપક્રમે "Communication with online medium" વિષે યોજવામાં આવેલ વેબીનાર. |
| શુક્રવાર | તા. ૨૪-૪-૨૦૨૦ | બપોરે ૧૨-૦૦ કલાકે | GCCI બિઝનેસ વિમેન વિંગ કમિટિના ઉપક્રમે "Graphic Designing Tips for Social Media" વિષે યોજવામાં આવેલ વેબીનાર. |
| શનિવાર | તા. ૨૫-૪-૨૦૨૦ | સાંજે ૪-૦૦ કલાકે | GCCI યુથ વિંગના ઉપક્રમે "How to build digital Assets" વિષયે યોજવામાં આવેલ વેબીનાર. |
| રવિવાર | તા. ૨૬-૪-૨૦૨૦ | સાંજે ૫-૦૦ કલાકે | World Intellectual Property Day નિમિત્તે IPPO દ્વારા યોજવામાં આવેલ વેબિનાર સીરીઝમાં ગુજરાત ચેમ્બરનો સહયોગ. |
| મંગળવાર | તા. ૨૮-૪-૨૦૨૦ | બપોરે ૧-૦૦ કલાકે | GCCI ના વિવિધ એસોસીયેશનના પ્રતિનિધિઓ અને અમદાવાદ પોલીસ કમિશ્નર સાથે કરેલ video conference મિટિંગ. |
| મંગળવાર | તા. ૨૮-૪-૨૦૨૦ | સવારે ૧૧-૦૦ કલાકે | GCCI સ્ટાર્ટ અપ કમિટિ અને GUSEC ના સંયુક્ત ઉપક્રમે " fireside chat - with Mr. Bhaskar Pramanik, former Chairman of Microsoft India" યોજવામાં આવેલ પરિચર્ચા. |
| બુધવાર | તા. ૨૯-૪-૨૦૨૦ | સવારે ૧૧-૦૦ કલાકે | GCCI બિઝનેસ વિમેન વિંગ કમિટિના ઉપક્રમે "Business Doctors Credit Assurance Services" વિષે યોજવામાં આવેલ વેબીનાર. |
| ગુરુવાર | તા. ૩૦-૪-૨૦૨૦ | સાંજે ૫-૦૦ કલાકે | GCCI ની યુથ વિંગના ઉપક્રમે કેન્દ્રના એગ્રીકલ્ચર વિભાગના માનનીય મંત્રી શ્રી પુરૂષોત્તમભાઇ રૂપાલા સાથે પરિચર્ચાનું video conference થી કરવામાં આવેલ આયોજન. |
| શનિવાર | તા. ૨-૫-૨૦૨૦ | સાંજે ૫-૦૦ કલાકે | GCCI સ્ટાર્ટ અપ કમિટિ અને JYEP ના સંયુક્ત ઉપક્રમે "Start-ups Unplugged : Philosophies, Possibilities and Paradoxes" વિષયે યોજવામાં આવેલ વેબિનાર. |

| | | | |
|---|---|---|---|
| સોમવાર | તા. ૪-૫-૨૦૨૦ | સવારે ૧૧-30 કલાકે | ગુજરાત રાજ્યના માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ સાથે ચેમ્બરના હોદ્દેદારો, રીજનલ ચેમ્બરના પ્રતિનિધિઓ, એનર્જી કમિટિના ચેરમેન ની અર્થતંત્રના પ્રશ્નો અંગે કરેલ video conference મિટિંગ. |
| ગુરુવાર | તા. ૮-૫-૨૦૨૦ | સાંજે ૪-30 કલાકે | GCCI યુથ વિંગના ઉપક્રમે "The Future of Healthcare" વિષયે યોજવામાં આવેલ વેબીનાર. |
| મંગળવાર | તા. ૧૨-૫-૨૦૨૦ | સાંજે ૪-૦૦ કલાકે | GCCI , ગણપત યુનિવર્સિટી, SSIP અને i-Hub ના સંયુક્ત ઉપક્રમે " How to Pitch Your Idia to Investors" વિષે યોજવામાં આવેલ વબિનાર. |
| બુધવાર | તા. ૧૩-૫-૨૦૨૦ | સાંજે ૫-૦૦ કલાકે | GCCI IT કમિટિના ઉપક્રમે "How to Build digital Assets" વિષયે યોજવામાં આવેલ વેબીનાર. |
| શુક્રવાર | તા. ૧૫-૫-૨૦૨૦ | સાંજે ૪-30 કલાકે | GCCI યુથ વિંગના ઉપક્રમે "Meet Expert Doctors" વિષયે યોજવામાં આવેલ વેબીનાર. |
| શનિવાર | તા. ૧૬-૫-૨૦૨૦ | સાંજે ૫-30 કલાકે | GCCIની યુથ વિંગના ઉપક્રમે "Defining Moment for Indian Industry How the Boards and Executive Management will respond to the current Crisis" વિષયે યોજવામાં આવેલ વેબીનાર. |
| શનિવાર | તા. ૧૬-૫-૨૦૨૦ | સવારે ૧૧-30 કલાકે | GCCI સ્ટાર્ટ અપ કમિટિના ઉપક્રમે " Scaling up your business 4X with Navneet Mathur" વિષે યોજવામાં આવેલ વેબિનાર. |
| મંગળવાર | તા. ૧૯-૫-૨૦૨૦ | સાંજે ૪-૦૦ કલાકે | GCCI ના ઉપક્રમે શ્રી મૂકેશ પટેલ, પૂર્વ પ્રમુખ અને ગુજરાત સરકારની ઇકોનોમી રીવાઇવલ કમિટિના સભ્ય સાથે ગુજરાત ચેમ્બરના હોદ્દેદારો તેમજ વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રો ના પ્રતિનિધિઓ સાથે COVID-19 પછી ઉદ્યોગોને સામાન્ય પરિસ્થિતિમાં લાવવા સહાય અંગેના સૂચનો વિષે યોજવામાં આવેલ video conference Meeting. |
| મંગળવાર | તા. ૧૯-૫-૨૦૨૦ | સાંજે ૫-30 કલાકે | GCCI સ્ટાર્ટ અપ કમિટિ અને IPR કમિટિના ઉપક્રમે "Innovationa : The Winning Leap For India" વિષે યોજવામાં આવેલ વેબિનાર. |
| બુધવાર | તા. ૨૦-૫-૨૦૨૦ | | COVID-19 પછી ઉદ્યોગોને ફરી સામાન્ય સ્થિતિમાં લાવવા અંગે જી.આઇ.ડી.સી.ના મુદ્દાઓ અને સૂચનો ની ચર્ચા-વિચારણા કરવા જી.આઇ.ડી.સી.ના વાઇસ ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર અને ઇકોનોમી રીવાઇવલ કમિટિના સભ્ય શ્રી થેનારસન સાથે video conference Meeting. |
| સોમવાર | તા. ૨૦-૫-૨૦૨૦ | સાંજે ૫-૦૦ કલાકે | GCCI બિઝનેસ વિમેન વિંગ કમિટિના ઉપક્રમે "Restarting the Business : Back to work with Staff Management Strategy" વિષે યોજવામાં આવેલ વેબીનાર. |

## ૨.૨ ચેમ્બરની રજૂઆતો

- ગુજરાત રાજ્યના ઉર્જા વિભાગના માનનીય મંત્રી શ્રી સૌરભભાઇ પટેલને લોકડાઉન સમયમાં વીજળીના બીલોમાં રાહત આપવા બાબતે પાઠવામાં આવેલ પત્ર. (તા. ૧૬-૪-૨૦૨૦)
- COVID-19 ને કારણે લોકડાઉન પછી વેપાર-ઉદ્યોગને ફરી શરુ કરવા માટે રાજ્ય સરકારને લગતા સૂચનો ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, મુખ્ય સચિવશ્રી અનિલ મુકીમ અને ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસને મોકલાવેલ સૂચનો. (તા. ૧૭-૪-૨૦૨૦)
- લોકડાઉનના સમયે એક્ઝામ્પ્ટેડ વ્યક્તિઓ અને વાહનોના અવર-જવરમાં પડતી મુશ્કેલીઓ અંગે ગુજરાત રાજ્યના ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ શ્રી શિવાનંદ ઝા અને અમદાવાદ પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટીયા ને કરેલ રજૂઆત. (તા. ૧૮-૪-૨૦૨૦)
- શહેરના વિસ્તરણને કારણે નગરપાલિકા કે શહેરી વિકાસ ઓથોરીટીની હદમાં આવતા ઔદ્યોગિક વસાહતોના એકમોને લોકડાઉન દરમ્યાન આંશિક કામગીરી ચાલુ રાખવા પરવાનગી આપવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહજી જાડેજાને કરેલ રજૂઆત. (તા. ૧૮-૪-૨૦૨૦)
- મ્યુનિ. કોર્પોરેશનની હદમાં તથા હદ બહાર આવેલ એકમોને કાર્યરત કરવા પરવાનગી આપવા બાબતે અમદાવાદના કલેક્ટર શ્રી કે. કે. નિરાલા ને પાઠવેલ પત્ર (તા. ૧૮-૪-૨૦૨૦)
- ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલને સોલર અને વીન્ડ જનરેશન બેન્કીંગ પીરીયડ વધારવા બાબતે પાઠવેલ પત્ર. (૨૧-૪-૨૦૨૦)
- નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ હેઠળના જાહેરનામામાં અમુક મુદ્દાઓ સામેલ કરવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી હર્ષદ વોરાને પાઠવેલ પત્ર (તા. ૨૧-૪-૨૦૨૦)
- કેન્દ્રના કેમીકલ અને પેટ્રોકેમીકલ વિભાગના સેક્રેટરી શ્રી પી. રઘુવેન્દ્રરાવ COVID-19 Tax on Imports અંગે પાઠવેલ પત્ર. (૨૩-૪-૨૦૨૦)
- ગુજરાતમાં આઇસ્ક્રીમ ઉદ્યોગને એસેન્શીયલ કોમોડીટી અંતર્ગત ગણવા અંગે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહજી જાડેજા, ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. કે દાસ તથા ચીફ સેક્રેટરી શ્રી અનિલ મુકીમને પાઠવેલ પત્ર (તા. ૨૪-૪-૨૦૨૦)
- ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને તથા મુદ્દાવાર જીલ્લાના માનનીય કલેક્ટરશ્રીને પ્રોફેશનલ સેવાઓ માટે આંશિક રીતે કાર્યરત કરવાની છુટછાટ આપવા પાઠવેલ પત્ર. (તા. ૨૪-૪-૨૦૨૦)
- આઇસ્ક્રીમના ટેકઅવે વેચાણ માટેની છુટછાટ આપવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને અમદાવાદ જીલ્લાના માનનીય કલેક્ટરશ્રીને પાઠવેલ પત્ર. (તા. ૨૪-૪-૨૦૨૦)
- ગુજરાત રાજ્યના માનનીય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને વેટ અને જીએસટીના પેન્ડીંગ રીફંડ તથા સમાપ્ત થયેલ બેન્ક ગેરન્ટી પરત કરવા અંગે પાઠવેલ પત્ર (તા. ૨૪-૪-૨૦૨૦)
- મોબાઇલ તથા કોમ્પ્યુટર રીપેર પ્રવૃત્તિને આવશ્યક સેવા અંતર્ગત આવરી લેવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ પત્ર. (તા. ૨૪-૪-૨૦૨૦)
- COVID-19 ના લોકડાઉન બાદ વેપાર-ઉદ્યોગને ફરીથી ધમધમતા કરવા કેન્દ્રના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમન, કેન્દ્રના નાણાં વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી અનુરાગ ઠાકુર અને ફાઇનાન્સ સેક્રેટરી શ્રી અજય ભુષણ પાંડેને મોકલાવેલ સૂચનો (તા. ૨૫-૪-૨૦૨૦)
- ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ અને ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસને શ્રમ આયુક્તનું લઘુત્તમ વેતન માટેના ખાસ ભથ્થાના દૈનિક દરમાં વધારો કરતો પરિપત્રને રદ કરવા બાબતે પાઠવેલ પત્ર. (તા. ૨૫-૪-૨૦૨૦)

- અમદાવાદ જીલ્લાના માનનીય કલેક્ટર શ્રી કે. કે. નિરાલાને એક્સપોર્ટ ઓરીયેન્ટેડ એકમો સાથે સંકળાયેલા એકમોને ઉદ્યોગો શરુ કરવાની મંજુરી આપવા બાબત પાઠવેલ પત્ર. (તા. ૨૫-૪-૨૦૨૦)
- રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના માનનીય ગવર્નર શ્રી શક્તિકાન્તા દાસ અને રીજનલ ડાયરેક્ટર શ્રી એસ. કે. પાનીગ્રહ ને વર્તમાન માહામારીના સમયમાં વેપાર-ઉદ્યોગન મદદરૂપ થવાના ધ્યાને લઇને પ્રાઇવેટ અને પબ્લીક બેન્કને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના ક્રાઇટેરીયા પ્રમાણે અમલ કરવા બાબતે પાઠવેલ પત્ર. (તા. ૨૮-૪-૨૦૨૦)
- હોટલ અને રેસ્ટોરન્ટ ઉદ્યોગોને એસેન્શીયલ એક્ટીવીટી ગણવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ પત્ર. (તા. ૨૮-૪-૨૦૨૦)
- ગુજરાત રાજ્યમાં અન્ય રાજ્યોમાંથી આવેલા શ્રમજીવીઓને રાજ્ય છોડવાની મંજુરી ના આપવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ પત્ર. (તા. ૨૮-૪-૨૦૨૦)
- શહેરી વિસ્તારના નિકાસ સાથે સંકળાયેલા ઉદ્યોગોને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વ્યવસ્થા માટેની પરવાનગી આપવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ પત્ર. (તા. ૨૮-૪-૨૦૨૦)
- ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ અને ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસને લોકડાઉન-૨ પછી કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વેપારીઓ અને ઉદ્યોગોને છુટછાટ આપવા બાબતે પાઠવેલ પત્ર. ( તા. ૩૦-૪-૨૦૨૦)
- ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને ચીફ સેક્રેટરી શ્રી અનિલ મુકીમને 33% કર્મચારી સાથે કામ કરવા બાબતે સવારે ૭-૦૦ થી સાંજના ૭-૦૦ સમયમાં ઉદ્યોગો કાર્યરત રાખવા જેવા અનેક પ્રશ્નો અંગે કરેલ રજૂઆત. (તા. ૫-૫-૨૦૨૦)
- કેન્દ્ર સરકારના માનનીય ગૃહમંત્રીશ્રી અમિત શાહને મજુરો અને કર્મચારીઓને ગુજરાત પરત લાવવા અને ફરી કામ શરુ કરવા બાબતે કરવામાં આવેલ રજૂઆત. (તા. ૬-૫-૨૦૨૦)
- ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રાને લોકડાઉન પછીના સમય માટે વેપાર-ઉદ્યોગને મજુર કાયદાઓમાં છુટછાટ આપવા બાબતે પાઠવેલ પત્ર. (તા. ૮-૫-૨૦૨૦)
- સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્ષીસ (CBDT) (ચેરમેન) શ્રી પ્રમોદ સી. મોદી, ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમન અને કેન્દ્રના રેવન્યુ વિભાગના સેક્રેટરી શ્રી અજય હુસેન પાંડેને ઇન્કમટેક્ષ એક્ટ-૧૯૬૧ અને ડાયરેક્ટ ટેક્ષની અલગ-અલગ ડયુ ડેટને લંબાવવા બાબતે પાઠવેલ પત્ર. (તા. ૮-૫-૨૦૨૦)
- આવશ્યક સેવાઓ પુરી પાડતી દુકાનો તથા ધંધાકીય એકમોનું અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા મેડીકલ સ્ક્રીનીંગ કરાવવા બાબતે વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. રાજીવ ગુપ્તાને પાઠવેલ પત્ર. (તા. ૧૧-૫-૨૦૨૦)
- COVID-19 મહામારીના સમયમાં ઉદ્યોગોને કાર્યરત કરવા બાબત ગુજરાત રાજ્યના ઉદ્યોગ કમિશ્નર ડો. રાજીવ ગુપ્તાને મોકલાવેલ સૂચનો. (તા. ૧૧-૫-૨૦૨૦)
- COVID-19 મહામારીના અનુસંધાને ન્યુજર્સી થી અમદાવાદ પરત થયેલ પ્રવાસીઓને મહેસાણા ખાતે કોરોન્ટાઇન કરવામાં આવનાર નિર્ણયથી ઉભા થતા પ્રશ્નો અંગે વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. રાજીવકુમાર ગુપ્તાને પાઠવેલ પત્ર. (તા. ૧૧-૫-૨૦૨૦)
- COVID-19 મહામારીના સમયમાં ઉદ્યોગોને ફરીથે સજીવન કરવા માટે ગુજરાત રાજ્યના ઉદ્યોગ કમિશ્નર ડો રાહુલ ગુપ્તાને મોકલાવેલ સૂચનો. (તા. ૧૨-૫-૨૦૨૦)
- લોકડાઉન-૩ દરમ્યાન એક્સપોર્ટ ઓરીયેન્ટેડ યુનિટને ચાલુ કરવા માટે છુટછાટ આપવામાં આવી તેની સાથે તેને આનુષંગિક બીજી ઇન્ડસ્ટ્રીને પણ શરુ કરવા માટે છુટ આપવા બાબતે માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી, ચીફ સેક્રેટરી શ્રી અનિલ મુકીમ, ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરી શ્રી એમ. કે. દાસ ને પાઠવેલ રજૂઆત. (તા. ૧૩-૫-૨૦૨૦)

- ➢ આવશ્યક સેવાઓ પુરી પાડતી દુકાનો તથા ધંધાકીય એકમોને અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા મેડીકલ સ્ક્રીનીંગ કરવા બાબતે વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ, ડો. રાજીવકુમાર ગુપ્તા, મ્યુનિ. કમિશ્નર શ્રી મુકેશકુમાર, મુખ્ય સચિવશ્રી અનિલ મુકીમ, કલેક્ટરશ્રી કે. કે. નિરાલા અને અમદાવાદ પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટીયાને કરેલ રજૂઆત. (તા. ૧૩-૫-૨૦૨૦)
- ➢ લોકડાઉન-૪ દરમ્યાન ગુજરાત રાજ્યમાં આર્થિક ગતિવિધી માટે જે છુટછાટ આપવામાં આવી તે અનુસંધાને ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, ચીફ સેક્રેટરી શ્રી અનિલ મુકીમ, પ્રિન્સીપલ સેક્રેટરી શ્રી એમ. કે. દાસ, અમદાવાદ કલેક્ટર શ્રી કે. કે. નિરાલાને મોકલાવેલ સૂચનો. (તા. ૧૬-૫-૨૦૨૦)
- ➢ અમદાવાદ શહેરના માનનીય કલેક્ટરશ્રી કે. કે. નિરાલાને તા. ૧૮-૫-૨૦૨૦ થી ઉદ્યોગો અને ઓફીસો શરૂ કરવાની જાહેરાત કરવા બાબતે અને તેને લગતા ગુજરાત ચેમ્બર દ્વારા મોકલવામાં આવેલ સૂચનો (તા. ૧૬-૫-૨૦૨૦)
- ➢ લોકડાઉન-૪ અંગે ગૃહ વિભાગ દ્વારા આર્થિક ગતિવિધીઓને કાર્યરત કરવા અંગે છુટછાટ આપવામાં આવી અને તે અંગે જે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું તેમાં અમુક સ્પષ્ટતાઓ કરવા બાબતે ગુજરાત રાજ્યના ગૃહ અને ન્યાય વિભાગના માનનીય મંત્રી શ્રી પ્રદિપસિંહજી જાડેજાને પાઠવેલ રજૂઆત. (તા. ૧૯-૫-૨૦૨૦)
- ➢ ગુજરાત સરકારની ઇકોનોમી રીવાઇવલ કમિટિને COVID-19 પછી ઉદ્યોગોને ફરી સામાન્ય સ્થિતિમાં ઝડપથી લાવવા અંગે વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રો માટેના સૂચનોની રજૂઆત. (તા. ૧૯-૫-૨૦૨૦)
- ➢ COVID-19 પછી ઉદ્યોગોને ફરી સામાન્ય સ્થિતિમાં ઝડપથી લાવવા અંગે જીપીસીબી પર્યાવરણ અને જી.આઇ.ડી.સી.ને લગતા સૂચનોની ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી, ચીફ સેક્રેટરી શ્રી અનિલ મુકીમ, ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસ તેમજ જી.આઇ.ડી.સી.ના વાઇસ ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર શ્રી એમ. થેનારસનને પાઠવેલ રજૂઆત. (તા. ૨૦-૫-૨૦૨૦)
- ➢ GCCI ના સભ્ય મે. સત્વા (ઇન્ડિયા) ઇમ્પેક્ષ કંપની લીમીટેડના ડાયરેક્ટર શ્રી મહેન્દ્ર ઠક્કર ને વેસ્ટ આફ્રીકાથી પાછા ભારત લાવવા અંગે ભારત સરકારના વિદેશી બાબતોના માનનીય મંત્રી ડો. એસ. જયશંકર, માનનીય વડાપ્રધાનની કચેરી અને રીજનલ પાસપોર્ટ ઓફીસ, અમદાવાદને પાઠવેલ રજૂઆત. (તા. ૨૧-૫-૨૦૨૦)
- ➢ અમદાવાદના જીવન જરૂરી ચીજ-વસ્તુ માટેના હોલસેલ બજારો ખોલવા અંગે ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. રાજીવકુમાર ગુપ્તાને પાઠવેલ રજૂઆત. (તા. ૨૧-૫-૨૦૨૦)
- ➢ ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના માનનીય મંત્રી શ્રીઓને COVID-19 માં ઉભા થયેલા વેપાર-ઉદ્યોગના પ્રશ્નો અને COVID-19 પછી વેપાર-ઉદ્યોગને ઝડપથી શરૂ કરવા અને વિકાસ કરવા માટે સમયાંતરે મોકલવામાં આવેલ સૂચનો.

## ૨.૪ અન્ય માહિતી

### સર્ટીફીકેટ ઓફ ઓરીજીન :

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ-૧૯<br>૩૬૫૪ | મે-૧૯<br>૩૮૦૭ | જુન-૧૯<br>૩૩૪૭ | જુલાઇ-૧૯<br>૩૭૯૬ | ઓગષ્ટ-૧૯<br>૨૦૧૯ | સપ્ટેમ્બર-૧૯<br>૩૩૫૮ | ઓક્ટોબર-૧૯<br>૩૪૯૫ |
| એપ્રિલ-૨૦<br>૧૭૬ | | | | | | |
| નવેમ્બર-૧૯<br>૩૭૨૯ | ડિસેમ્બર-૧૯<br>૩૬૪૬ | જાન્યુઆરી-૨૦<br>૩૯૦૦ | ફેબ્રુઆરી-૨૦<br>૩૬૦૭ | માર્ચ-૨૦<br>૨૮૧૮ | કુલ-૨૦૧૯-૨૦<br>૩૩૮૪૦ | |
| | | | | | | |

**અખબારી નિવેદનો :**

- ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમન દ્વારા જાહેર કરવામાં આવેલ રૂા.૨૦ લાખ કરોડના રાહત પેકેજ અંગે ચેમ્બરની પ્રતિક્રિયા અંગે. (તા. ૧૩-૫-૨૦૨૦)

**આઇટેમ નં. ૩ (કમિટિ અને સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)**

**૩.૧ (કમિટીઓની મીટીંગની માહિતી)**

નં. ૧ GCCI બિઝનેસ લોજીસ્ટીક એન્ડ ટ્રાન્સપોર્ટ કમિટિની વિડીયો કોન્ફરન્સથી મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની જાણ કરવા. (તા. ૧૦-૪-૨૦૨૦)

નં. ૧ GCCI બિઝનેસ વિમેન વિંગ કમિટિની વિડીયો કોન્ફરન્સથી મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની જાણ કરવા. (તા. ૧૧-૪-૨૦૨૦)

નં. ૨ GCCI SMART કમિટિની વિડીયો કોન્ફરન્સથી મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની જાણ કરવા. (તા. ૨૫-૪-૨૦૨૦)

નં. ૩ GCCI સ્ટાર્ટ અપ કમિટિની વિડીયો કોન્ફરન્સથી મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની જાણ કરવા. (તા. ૨૫-૪-૨૦૨૦)